પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૯૮ | ૮ જાન્યુઆરી, ૨૦૨૧, શુક્રવાર; માગશર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અમેરિકામાં સત્તા સોંપણીમાં અફરાતફરી

**ટ્રમ્પ સમર્થકોના બળવા વચ્ચે બાઈડેન રાષ્ટ્રપતિ વિજેતા જાહેર : બિડેનની જીતને અમેરિકન કોંગ્રેસની સત્તાવાર મહોર : ૨૦મીએ શપથ : કમલા હેરિસને પણ ઉપ રાષ્ટ્રપ્રમુખ પદ માટે વિજેતા જાહેર કરવામાં આવ્યા : લોહિયાળ હિંસાને પગલે વોશિંગટનમાં ૧૫ દિવસની કટોકટી જાહેર : અમેરિકી સંસદ ભવનમાં ટ્રમ્પ સમર્થકોના બળવામાં ૪ લોકોના મોત નીપજ્યા : અમેરિકા હિંસા બાદ ઉપ રાષ્ટ્રપ્રમુખ પેન્સે કહ્યું- આ અમેરિકાના ઈતિહાસનો કાળો દિવસ, હિંસાથી લોકતંત્રને દબાવી કે હરાવી શકાય નહીં**



વોશિંગ્ટન, તા. ૭

ટ્રમ્પના શાસનનો અંત નજીક છે, ત્યારે બિડેનની જીતને અમેરિકન કોંગ્રેસના આજે મળેલા સંયુક્ત સેશનમાં સત્તાવાર મહોર મારી દેવાઈ હતી. આ પ્રક્રિયા સાથે જ બિડેનનો હવે ૨૦ જાન્યુઆરીએ અમેરિકાના પ્રમુખ તરીકે શપથ ગ્રહણ કરવાનો રસ્તો સાફ થઈ ગયો છે. ટ્રમ્પે આ મામલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ૨૦મી જાન્યુઆરીએ તેઓ બિડેનને સત્તા સોંપી દેશે. જોકે, તેમણે પરિણામો માનવાનો ફરી એકવાર ઈનકાર કર્યો હતો. બિડેન સાથે કમલા હારિસ અમેરિકાના પહેલા મહિલા ઉપપ્રમુખ તરીકે શપથ ગ્રહણ કરશે.

આજે કોંગ્રેસની બેઠકમાં હાલના ઉપપ્રમુખ માઈક પેન્સે ૩૦૬ વિરુદ્ધ ૨૩૨ ઈલેક્ટોરલ કોલેજ કાઉન્ટથી બિડેનને વિજેતા જાહેર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ મહત્વની બેઠક ચાલુ હતી તે દરમિયાન જ ટ્રમ્પના સમર્થકોએ સંસદ ગૃહ પર હલ્લાબોલ કર્યું હતું, અને તેમાં ઘૂસી જઈને તોડફોડ મચાવી હતી. આ ઘટનામાં ચાર લોકોના મોત થયા હતા, અને પાંચ વ્યક્તિ ગંભીર રુપે ઘાયલ થયા છે. સ્થિતિ એટલી તંગ બની હતી કે પોલીસને ગોળીબાર કરવાની પણ ફરજ પડી હતી.

અમેરિકામાં અત્યારસુધી દેખાવો તો ઘણીવાર થયા છે, પરંતુ દેખાવકારોએ સંસદભવનમાં ઘૂસીને તોડફોડ કરી હોય, અને પ્રજાએ ચૂંટેલા વ્યક્તિને રાષ્ટ્રપ્રમુખ તરીકે શપથ લેવા સામે વિરોધ કર્યો હોય તેવું આ પહેલીવાર બન્યું છે. આ ઘટનાક્રમની એફબીઆઈએ પણ તપાસ હાથ ધરી છે, અને જેટલા લોકો તેમાં સામેલ હતા તે તમામની ઓળખ કરીને તેમની

● અનુસંધાન પાન-૭ પર





**અમેરિકામાં તખ્તાપલટાનો ખતરો : અમેરિકાનું વિમાન ઈ-૪બી 'નાઇટવોચ તાત્કાલિક હવામાં પેટ્રોલિંગ કરવા લાગ્યું**

અમેરિકન સંસદ ભવન કેપિટલ હિલ પર હાલના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દક્ષિણપંથી સમર્થકોની હિંસા બાદ દેશમાં તખ્તાપલટાનો ખતરો મંડરાઈ રહ્યો છે. કેપિટલ હિલ પરિસરમાં થયેલી હિંસામાં અત્યાર સુધીમાં ૪ લોકોના મોત થયા છે અને ત્રણ બીજા લોકોની સ્થિતિ ગંભીર છે. દેશ પર મંડરાયેલા સંકટને જોતા અમેરિકન વાયુસેના હરકતમાં આવી ગયું છે અને દુનિયામાં મહાવિનાશ લાવનાર વિમાન ઈ-૪બી 'નાઈટવોચ' તાત્કાલિક હવામાં પેટ્રોલિંગ કરવા લાગ્યું.

## સત્તાનું પરિવર્તન શાંતિપૂર્ણ માહોલમાં જ થવું જોઈએ : મોદી

નવી દિલ્હી,તા.૬

અમેરિકાના કેપિટલ બિલ્ડિંગની બહાર ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકોની હિંસા અને હોબાળાની ચર્ચા દુનિયાભરમાં થઈ રહી છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચિંતા વ્યક્ત કરી છે. પીએમ મોદીએ ટ્રમ્પનું નામ લીધા વગર તેમને સરકાર બદલાવાની પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં થવી જોઈએ તેવી સલાહ આપી છે. આ સાથે મોદીએ અમેરિકામાં ઉભી થયેલી સ્થિતિથી તેઓ વિચલિત છે તેમ પણ જણાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાની સ્થિતિ અંગે ટ્વિટ કરીને ચિંતા વ્યક્ત કરતા લખ્યું છે કે, "વોશિંગટન ડીસીમાં હિંસાના સમાચાર જોઈને ચિંતિત છું. સત્તાનું પરિવર્તન શાંતિપૂર્ણ રીતે થતું રહેવું જોઈએ. લોકતાંત્રિક પ્રક્રિયામાં આવી ગેરકાયદેસર પ્રક્રિયાને સ્થાન ના મળવું જોઈએ." એવી પણ ચર્ચાઓ શરુ થઈ ગઈ છે કે વડાપ્રધાન મોદીએ ટ્રમ્પનું નામ લીધા વગર તેમને નવી સરકારને શાંતિથી કામ સોંપવામાં આવે તેવી રજૂઆત કરી છે. જણાવી દઈએ કે નવા ચૂંટાયેલા જો બાઈડન જીતને પ્રમાણિત કરવા માટે સંસદના સંયુક્ત સત્ર માટે કેપિટલ બિલ્ડિંગમાં બેઠા હતા, ત્યારે સંસદની બહાર ટ્રમ્પના સમર્થકોએ હોબાળો કરી દીધો.

## ટ્રમ્પનું ફેસબુકે ૨૪, ટ્વિટરે ૧૨ કલાક માટે એકાઉન્ટ બ્લોક કર્યું

વૉશિંગ્ટન,તા.૭

અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખ ચૂંટણીના પરિણામોને લઈને રાજકારણ ગરમાઈ ગયું છે. હાલના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જો બાઈડનથી પોતાની હાર માનવા તૈયાર નથી. તેઓ ચૂંટણીમાં સતત ગેરરીતિનો આરોપ લગાવી રહ્યા છે અને ઈલેક્ટોરલ પ્રોસેસને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ દરમિયાન ટ્રમ્પની હરકતોથી કંટાળીને માઈક્રો બ્લોગિંગ પ્લેટફોર્મ ટ્વીટરએ તેમનું એકાઉન્ટ ૧૨ કલાક માટે સસ્પેન્ડ કરી દીધું છે. ટ્વીટરે ચેતવણી આપી કે જો ટ્રમ્પે ચૂંટણીને લઈને ઉશ્કેરીજનક વાતો કરવાનું ચાલુ રાખ્યું તો તેમનું એકાઉન્ટ હંમેશા માટે બ્લોક કરી દેવામાં આવશે. નોંધનીય છે કે, ટ્રમ્પના હાર સ્વીકારવાના ઈન્કાર બાદ તેમના સમર્થકોની ભીડે યૂએસ કેપિટલ હિલ બિલ્ડિંગની બહાર હંગામો કર્યો. રાષ્ટ્રપ્રમુખ પદ માટે ચૂંટાયેલા જો બાઈડને પણ આ ઘટનાને લઈ પ્રતિક્રિયા આપી છે. બાઈડને ટ્વીટ કર્યું કે, હું રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને આહવાન કરું છું કે તેઓ પોતાની શપથ પૂરી કરે અને બંધારણની રક્ષા કરે અને આ ઘેરાબંધીને સમાપ્ત કરવાની માંગ કરે. વધુ એક ટ્વીટમાં બાઈડને કહ્યું કે, હું સ્પષ્ટ કરું છું કે કેપિટલ બિલ્ડિંગ પર જે હોબાળો આપણે જોયો, પણ અમે એવા નથી. આ કાયદો ન માનનારા અતિવાદીઓની નાની સંખ્યા છે.

## દિલ્હીમાં ટ્રેક્ટર રેલી દ્વારા અન્નદાતાનું શક્તિ પ્રદર્શન

ન્યુ દિલ્હી,તા.૭

કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલનનો આજે ૪૩મો દિવસ છે. ખેડૂત આજે દિલ્હીની ચારેય બાજુ ટ્રેક્ટર માર્ચ શરૂ કરી દીધી છે. જેના ભાગરૂપે સિંધુ બોર્ડર પર મોટી સંખ્યામાં પોલીસદળને તહેનાત કરવામાં આવ્યા છે. માર્ચ સિંધુ બોર્ડરથી ટિકરી, ટિકરીથી શાહજહાંપુર, ગાજીપુરથી પલવલ અને પલવલથી ગાજીપુર સુધી કાઢવામાં આવશે. ગાઝિયાબાદના એડીએમ શૈલેન્દ્ર કુમાર સિંહે કહ્યું કે, ખેડૂતોની માર્ચને ધ્યાનમાં રાખતા પૂરતી પોલીસ તહેનાત કરાઈ છે, વીડિયો રેકોર્ડિંગ પણ કરાઈ રહી છે. ભારતીય ખેડૂત યૂનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે, ટ્રેક્ટર રેલી ૨૬ જાન્યુઆરીની તૈયારી છે. અમારો રૂટ અહીંથી ડાસના છે, ત્યારપછી અલીગઢ રોડ પર અમે થોભશું ત્યાં લંગર થશે પછી અમે ત્યાંથી પાછા આવીશું અને નોઈડા વાળા ટ્રેક્ટર પલવલ સુધી જશું. અમે સરકારને સમજાવવા માટે જ આવું કરી રહ્યાં છીએ. દિલ્હીની અલગ અલગ બોર્ડર પરથી ખેડૂતોનો જથ્થો કુંડલી-માનસેર-પલવલ (કેએમપી)એક્સપ્રેસ-વે માટે રવાના થઈ રહ્યો છે. ખેડૂત સંગઠન આજે ૧૧ વાગ્યાથી કેએમપી એક્સપ્રેસ વેને જામ કરશે.

જેના માટે સુરક્ષાની કડક વ્યવસ્થા કરવામાં આવી છે. કેએમપી એક્સપ્રેસ વે પર પોલીસ અને અર્ધસૈનિક દળોને મોટી સંખ્યામાં તહેનાત કરવામાં આવ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે સરકાર માગ નહીં સ્વીકારે તો ૨૬ જાન્યુઆરીએ પણ ટ્રેક્ટર પરેડ યોજાશે. આજની માર્ચ એનું જ ટ્રેલર હશે. હરિયાણાનાં ખેડૂત સંગઠનોએ દરેક ગામમાંથી ૧૦ મહિલાને ૨૬ જાન્યુઆરી માટે દિલ્હી બોલાવ્યા છે. આ જ અપીલ યુપીના ખેડૂતોની છે.



**ખેડૂત આંદોલનનો ૪૩મો દિવસઃખેડૂતોની ૨૬ જાન્યુઆરીની પરેડની તૈયારી શરૂ, દિલ્હીને ચારેય બાજુથી ઘેર્યું : સુપ્રીમ કોર્ટમાં ૧૧ જાન્યુઆરીએ સુનાવણી**

## રહેણાંકને હોટલમાં ફેરવવા બદલ સોનુ સૂદ સામે બીએમસીની નોટીસ

મુંબઈ, તા. ૭

અભિનેત્રી કંગના રનૌતની ઓફિસમાં તોડફોડ અને તેના ઘરને ગેરકાયદે બાંધકામ ગણાવ્યા બાદ હવે એકટર સોનુ સૂદની પણ મુસીબત વધી ગઈ છે. બીએમસીની નજર સોનુના જુહૂમાં આવેલા ૬ માળના એ રહેણાંક બિલ્ડિંગ પર છે જેને લઈ કહેવાય છે કે એકટરે તેને એક હોટલમાં ફેરવી દીધી છે.

બીએમસીની તરફથી સોનુ સૂદની વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી કરાઈ છે. પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે અને હવે કેસની તપાસ ચાલશે. સોનુ માટે રાહતની વાત એ છે કે હજુ સુધી પોલીસે કોઈ એફઆઈઆર કરી નથી. પરંતુ જો સોનુ આ કેસમાં દોષિત ગણાશે તો આ રહેણાંક બિલ્ડિંગ પર પણ બીએમસી કાર્યવાહી કરી શકે છે. એકટરની વિરૂદ્ધ એક ફરિયાદ કરાઈ છે.

કહેવાય છે કે એકટરે રહેણાંક બિલ્ડિંગને હોટલમાં ફેરવતા પહેલાં કોઈ મંજૂરી લીધી નહોતી. તો રિપોર્ટસ એવો પણ આવ્યો છે કે સોનુને બીએમસની તરફથી નોટિસ મોકલાઈ હતી, પરંતુ તેને તેમણે નજરઅંદાજ કરી દીધી. તેમણે આ બિલ્ડિંગનું કામકાજ પણ ચાલુ રાખ્યું હતું.

## આજે દેશના તમામ જિલ્લામાં બીજી વેક્સિન ડ્રાય રન યોજાશે

ન્યુ દિલ્હી,તા.૭

દેશમાં રસીકરણ શરૂ થતાં પહેલાં ૮ જાન્યુઆરીએ દેશના તમામ જિલ્લામાં દ્વિતીય વેક્સિન ડ્રાય રન યોજાશે. હરિયાણા અને ઉત્તર પ્રદેશને બાદ કરતા સમગ્ર દેશમાં બીજી ટ્રાયલ યોજાશે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે રસીકરણ અંગેની તૈયારીઓનું ફરીથી સરવૈયું લેવા માટે આ ડ્રાય રન યોજવામાં આવશે. આ ઉપરાંત મંત્રાલયે એમ પણ જણાવ્યું કે, ગુરુવારે સ્વાસ્થ્ય મંત્રી ડો. હર્ષવર્ધન દેશના તમામ રાજ્યોના સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે પણ રસીકરણ અંગે બેઠક કરશે. બીજી તરફ દેશમાં બુધવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના નવા ૧૮,૦૮૮ કેસ નોંધાતા અત્યારસુધીમાં સંક્રમિત થયેલા કુલ સંખ્યા ૧,૦૩,૭૪,૯૩૨ને આંબી ગઈ છે.

૨૪ કલાકમાં કુલ ૨૪૬ લોકોના મૃત્યુ નોંધાતાં દેશનો મૃત્યાંક વધીને ૧,૫૦,૧૧૪ થયો છે. કોરોનામાં સાજા થયેલા લોકોની સંખ્યા પણ એક કરોડને પાર પહોંચી ચૂકી છે. રીકવરી રેટ ૯૬.૩૬ ટકા નોંધાયો છે. મૃત્યુદર ૧.૪૫ ટકા છે. રીકવરી રેટ પર નજર નાખવામાં આવે તો વિશ્વના ટોચના ૨૦ સંક્રમિત દેશોને મુકાબલે ભારતનો રીકવરી રેટ સૌથી ઉંચો છે. દેશના કેટલાક રાજ્યોમાં શાળાઓને મર્યાદિત રીતે શરૂ કરવા પ્રયાસ થઈ રહ્યા છે.

તે દરમિયાન કર્ણાટકમાં ૫૦ જેટલા શિક્ષકો પોઝિટવ માલુમ પડતાં સંખ્યાબંધ શાળાઓ ફરી બંધ થઈ છે. કર્ણાટકમાં ૧લી જાન્યુઆરીથી શાળાઓ ફરી શરૂ થયા પછી મંગળવારે શાળાઓના ૫૦ જેટલા શિક્ષકો પોઝિટિવ હોવાનું સામે આવતાં રાજ્યના શિક્ષણ જગતમાં હડકંપ મચ્યો હતો. બેલાગાવી ખાતે ૨૨ શિક્ષકો પોઝિટિવ માલુમ પડતાં તેમને હોમક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે ગયા સપ્તાહે શિક્ષકોના કોરોના ટેસ્ટ થયા હતા. જેમને કોરોનાના લક્ષણ માલૂમ પડયા છે તેમને શાળાએ ના આવવા સૂચના આપવામાં આવી છે.

## શેરબજાર બીજા દિવસે તૂટ્યું, સેન્સેક્સમાં ૮૧ પોઈન્ટ ઘટાડો

મુંબઈ, તા. ૭

ઈન્ફર્મેશન ટેકનોલોજી, બેંક્રો અને ઉપભોગતા ક્ષેત્રની કંપનીઓના શેર વેચવાલીથી પર ગુરુવારે બીએસઈ સેન્સેક્સ લગભગ ૮૧ પોઈન્ટ ગબડી ગયો હતો. વૈશ્વિક બજારોમાં મજબૂત વલણ હોવા છતાં સેન્ટિમેન્ટ નબળું રહ્યું. વેપારીઓએ જણાવ્યું હતું કે રૂપિયામાં તીવ્ર ઘટાડા અને વિદેશી ભંડોળના ઉપાડથી પણ બજારની ભાવના પર અસર થઈ હતી. બીએસઈનો ૩૦ શેરો વાળો સેન્સેક્સ ૮૦.૭૪ પોઈન્ટ એટલે કે ૦.૧૭ ટકા તૂટીને ૪૮,૦૯૩.૩૨ પોઈન્ટ પર બંધ થયો છે. એ જ રીતે નેશનલ સ્ટોકનો નિફ્ટી ૮.૯૦ પોઈન્ટ અથવા ૦.૦૬ ટકા તૂટીને ૧૪,૧૩૭.૩૫ પોઈન્ટ પર બંધ રહ્યો છે.




